**ડાયરેક્ટ ❤ સે**

નમે એનાં જ
છાંયડા હોય
મારા વહાલા
ક્યારેય જોયા છે
કોઈને
આસોપાલવની નીચે
વિસામો ખાતા

# મેડિકલ : આયુર્વેદના છાત્રોને એલોપથી માટે બ્રીજ કોર્સ કરવો ફરજિયાત નથી

## ફાઈનલ એકઝામ એકઝીટ એકઝામ ગણાશે : પાર્લામેન્ટરી કમિટીની ભલામણ

ગાંધીનગર, તા. ૨૨
મેડિકલમાં બ્રીજ કોર્સ ફરજિયાત કરવાની નેશનલ મેડિકલ કમિશન બીલ ૨૦૧૭માં કરાયેલી ભલામણને તાજેતરમાં મળેલી પાર્લામેન્ટરી કમિટીએ ફરજિયાત ન ગણવાની દરખાસ્ત કરી છે. આયુર્વેદના વિદ્યાર્થીઓને એલોપથીની પ્રેક્ટિસ કરવા માટે બ્રીજ કોર્સ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત, મેડિકલમાં એકઝીટ એકઝામ દાખલ કરવાનો જે નિર્ણય કરાયો હતો તેના બદલે હવે ફાઈનલ એકઝામને જ એકઝીટ એકઝામ તરીકે સ્વીકારવાનો નિર્ણય કરાયો છે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ)ના સ્થાને લાગુ થનારા નેશનલ મેડિકલ બીલમાં એકઝીટ એકઝામ અને બ્રીજ કોર્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેની સામે સમગ્ર દેશમાં ભારે વિરોધ ઉભો થયો હતો. ગુજરાતમાં પણ છેલ્લાં કેટલાંક દિવસોથી ડોકટર્સ દ્વારા બ્રીજ કોર્સ અને એકઝીટ એકઝામનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો હતો. ડોકટરોના કહેવા પ્રમાણે તાજેતરમાં મળેલી પાર્લામેન્ટરી કમિટીની બેઠકમાં બ્રીજ કોર્સને ફરજિયાત ન ગણવાનો નિર્ણય કરાયો છે. જે તે રાજયોએ બ્રીજ કોર્સ લાગુ કરવો કે નહીં તે નક્કી કરવાનું રહેશે.

## ગાંધી મિત્રવર્તુળની બેઠક ૨૪મીએ સેક્ટર-૨૨ ખાતે યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨
ગાંધી મિત્રવર્તુળ સંસ્થાની માર્ચ માસની માસિક બેઠક, તા. ૨૪ માર્ચ ને શનિવારે ગાંધીજન શ્રી અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨ ખાતે આગામી કાર્યક્રમોના આયોજન અર્થે સાંજના ૫.૦૦ કલાકે મળશે. સૌ ગાંધીજન મિત્રો તથા ભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના

# વિદ્યાર્થીઓ માટે શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે એક દિવસીય વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે યોગ,અધ્યાત્મ,ધ્યાન જેવી બાબતનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી અત્રેની બીબીએ કોલેજ દર વર્ષે વિદ્યાર્થીઓને શ્રી અરવિંદ સાધના કેન્દ્રની એક દિવસીય શિબિરનું આયોજન કરે છે. સવારના ૯.૩૦ વાગ્યાથી લઈ ૧.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ મહર્ષિ શ્રીઅરવિંદ, શ્રીમાતાજી તેમજ પોંડીચેરી આશ્રમ, ઓરોવીલ્લ,આદર્શ બાળક.જેવા અનેક વિષયો પર પોતાના વિચારો રજુ કર્યા હતા. ત્યારબાદ શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફ થી ડો. સી. કે. તન્ના તેમજ અન્ય મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી અરવિંદ સાધના કેન્દ્રના માતાજી તેમજ શ્રીઅરવિંદ દ્વારા અંકિત ચિન્હો બાબતે માર્ગદર્શન આપ્યું હતું. વિશ્વ વન દિવસની આજે ઉજવણી થઈ રહી છે, ત્યારે શ્રીમાતાજી જેવા વનપ્રેમી અન્ય કોઈ ન હોઈ શકે જેમણે પેરીસ નજીકના જંગલોમાં નાનપણમાં જ દિવ્ય અનુભૂતિ થઈ હતી. અને પોતને પણ વૃક્ષ સમાન લાગણી મહેસુસ થઈ હતી. આજના દિવસે યુવાઓએ વન બચાવવા તેમજ વિસ્તારવા માટે કાર્ય કરવું જોઈએ તે બાબતે મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. વન હશે તો વરસાદ આવશે અને તો જ પ્રકૃતિનું યોગ્ય સંચાલન થશે. અને આપણે સૌ ભાવી પેઢીને સુંદર પૃથ્વી આપી શકીશું. વિશ્વ કવિ દિવસ નિમિત્તે મહર્ષિ શ્રી અરવિંદની વાત કરીએ તો તેમણે બાળપણથી જ ખુબ સુંદર કવિતાઓની રચના કરેલ જે ઈંગ્લેન્ડના ફેમીલી ફોકસ નામના મેગેઝીનમાં ત્યારે પ્રકાશિત થયેલ. ત્યારબાદ વિદ્યાર્થીઓ એ મહર્ષિ શ્રી અરવિંદ ના જીવન ચરિત્ર બાબતે તેમજ શ્રી માતાજી ના જીવન ચરિત્ર બાબતે ખુબ ઉપયોગી વક્તવ્યો રજુ કર્યા હતા, જેમાં વિદ્યાર્થીઓએ પોતાના મૌલિક વિચારો રજુ કર્યા અને આ વિચાર વિમર્શ બાદ પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓએ તેઓને યુવાવસ્થામાં મુંઝવતા પ્રશ્નો પણ રજુ કર્યા હતા. જેના તેઓને સંતોષકારક ઉત્તર મળ્યા હતા. આજના ડીજીટલ યુગમાં વ્યક્તિને મનની શાંતિ મેળવવી હશે તો આવા કોઈ પવિત્ર સ્થાન પર મળશે. જ્યાંથી સમગ્ર દુનિયાની ભાગદોડમાં માણસમાં ડીપ્રેશન, સ્ટ્રેસ સહીત માનસિક તેમજ શારીરિક સમસ્યાઓ સામે આવે છે. જેનું સમાધાન યોગ, ધ્યાન તેમજ તેને સંલગ્ન પ્રવૃતિઓથી થઈ શકે છે. આથી વ્યક્તિને માનસિક રીતે મજબૂત થવા ઉપરોક્ત પ્રવૃતિઓમાં જોડાવું જોઈએ. સમગ્ર શિબિર બાદ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે કોલેજ દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન થાય છે. જે અમારા સર્વાંગી વિકાસ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. અને ભવિષ્ય માં પણ આવા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# પાણી કેમ બચાવવું એ કુદરત પાસેથી જ શીખો

ગાંધીનગર, તા. ૨૨
વિશ્વભરમાં પાણી અને જળસ્ત્રોતોના મહત્વને સમજવા માટે દર વર્ષે ૨૨ માર્ચે વિશ્વ જળ દિવસ ઉજવાય છે. યુનેસ્કો દ્વારા આ વખતે નેચર ફોર વોટર થીમ રખાઈ છે, જેનો અર્થ છે, પાણી કેમ બચાવવું એ કુદરત પાસેથી જ શીખો. આજે ૨.૧ બિલિયન લોકો પીવા માટે શુદ્ધ પાણી નથી મેળવી શકતા, ત્યારે પાણીના પ્રશ્ન પર કામ કરતાં લોકો જણાવે છે કે પાણીની આજની સ્થિતિમાંથી બહાર આવવા સરકારે ચોક્કસ નીતિ ઘડવાની જરૂર છે. .

આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામના સીઈઓ અપૂર્વ ઓઝાએ જણાવ્યું કે, આપણે ત્યાં પાણીને રિસાઈકલ કરવા કોઈ ચર્ચા થતી જ નથી. ચીન તેમજ જાપાનમાં ૯૦ ટકા પાણીને રિસાઈકલ કરવામાં આવે છે. બાંધકામ વખતે બિલ્ડરે જ સોસાયટીમાં વોટર રિસાઈકલ સિસ્ટમ લગાવવાની હોય છે. દુનિયાના અનેક દેશોમાં બાગ બગીચાઓ કે ખેતીમાં રિસાઈકલ થયેલું પાણી જ વપરાય છે, માત્ર આપણે ત્યાં જ પીવા લાયક પાણીનો ખેતી, સિંચાઈ સહિત અનેક કામોમાં વેડફાય છે. તેથી સરકારે તેના માટે વિશેષ નીતિ ઘડવાની જરૂર છે. ૧૮ વર્ષથી પાણી અને સ્વચ્છતાના મુદ્દે ઉત્થાન સંસ્થા સાથે કામ કરી રહેલાં પ્રવીણભાઈ ભીખડીયા જણાવે છે કે, લોકો પોતાનું પાણી પોતે ઊભું કરી શકે તે બાબતને પ્રોત્સાહન મળવું જોઈએ. વરસાદી પાણી નદીમાં ન વહી જાય તે રીતે વ્યવસ્થા ગોઠવવી પડે. અમે ટ્રાઈબલ વિસ્તારોમાં મોનિટરિંગ કરીને જોયું છે કે, ભૂજળની સપાટી ૧ મીટર ઊંચી આવી છે. ભૂંગરુ દ્વારા જળક્રાંતિ સમાન ટેક્નોલોજી વિકસાવનાર બિલ્પવ પોલે જણાવ્યું કે, ૪ દિવસમાં લગભગ ૩૫૦૦ અરજી આવી છે, તે દરેકને પહોંચી વળવા અમે પ્રયત્નો કરી રહ્યા છીએ.

## જન્મદિને વધામણી



દેવ્યાની સરવૈયા
મો. ૭૬૦૦૧ ૮૬૨૨૯



પ્રથમ ડી રાજ

### જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે

# રામનવમી નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨
ચૈત્ર સુદ નોમ, રવિવાર, તા. ૨૫ માર્ચના રોજ ભગવાન શ્રી રામચંદ્રજીની જન્મ જયંતિના પુનિત અવસરે શ્રી જલારામ ધામ, સેક્ટર-૨૯ ખાતે સવારે ૮.૩૦ કલાકે ભગવાન શ્રી રામચંદ્રજી તથા પૂ. શ્રી જલારામ બાપાની પૂજનવિધિ શરૂ થશે. રઘુવંશી ધ્વજવંદન સવારે ૧૦.૩૫ કલાકે થશે. સવારે ૧૦.૪૫થી ૧૨.૦૦ કલાક દરમિયાન હરિનામ સંકીર્તન તથા બપોરે ૧૨.૦૦ કલાકે શ્રી રામ જન્મોત્સવ અને મહાઆરતી થશે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં ભક્તિનો લાભ લેવા સંસ્થા વતી હાર્દિક નિમંત્રણ છે. ઉપરાંત સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સહયોગ મંડળ, ગાંધીનગર અને સિવિલ હૉસ્પિટલના સહયોગથી સવારે ૯થી ૧ કલાક દરમિયાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ કોઈકને જીવતદાન આપવા ગાંધીનગરની જનતાને સંસ્થા દ્વારા આહ્‌વાન આપવામાં આવ્યું છે.

# ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા કવિતા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨
ચિલ્ડ્રન યુનિવર્સિટીના પરિસરમાં કુલપતિ પ્રૉ. ડૉ. કે એસ લિખિયાની પ્રેરણાથી 'વિશ્વ કવિતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતી સાહિત્યમાં કવિતા ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનાર કવિ રમેશ પારેખ, નયન દેસાઈ, કરસનદાસ માણેકની કવિતાઓનું કેટલાક અધ્યાપકો દ્વારા પઠન કરવામાં આવ્યું હતું. અન્ય અધ્યાપકોએ સ્વરચિત કાવ્યપઠન કર્યું હતું. જેનાથી સમગ્ર વાતાવરણ કાવ્યમય બન્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસી પ્રૉફેસર ધર્માંશુભાઈ વૈદ્ય તથા આભારવિધિ માધ્યમિક શિક્ષક હાર્દિકભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

# ધોરણ-૧૦નું ગણિતનું પેપર અટપટું પુનઃ પરીક્ષા માટે બોર્ડના સભ્યોની માગણી

## બોર્ડના ચેરમેનને પત્ર લખી ગણિતની પરીક્ષા ફરીથી લેવા રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૨૨
ધોરણ-૧૦માં ગણીતનું પેપર ખુબ જ અઘરૂ પુછાયું હતું અને પેપર બોર્ડ દ્વારા નક્કી કરેલી બ્લુ પ્રિન્ટ બહારનું પુછાયું હોઈ બોર્ડના બે સભ્યોએ પત્ર લખી ચેરમેન સમક્ષ ગણીતની પરીક્ષા ફરીથી લેવા માંગણી કરી છે. માત્ર ગ્રેસીંગ માર્ક આપવાથી વિદ્યાર્થીઓને ન્યાય મળશે નહીં તેમ જણાવી ફરીથી પરીક્ષા લેવામાં આવે તેવી રજૂઆત કરી છે. ગણીતના પેપરમાં નક્કી થયેલા ગુણભાર પ્રમાણે પુછાયુ ન હોવાથી વિદ્યાર્થીઓએ સમગ્ર વર્ષ મહેનત કર્યા બાદ પણ તેનું યોગ્ય ફળ મળી શકે તેમ ન હોવાથી આ બંને સભ્યોએ બોર્ડના ચેરમેનને પત્ર લખ્યો છે. ધોરણ-૧૦માં ગણીતનું પેપર ખુબ જ અઘરૂ નિકળ્યું હતું. બંને પાર્ટમાં મળી કુલ ૨૮ માર્કના પ્રશ્નો અત્યંત અઘરા પુછાયા હતા. જેના પગલે વિદ્યાર્થીઓ પરીક્ષા બાદ રીતસર રડતા નજરે પડ્યા હતા. પેપરમાં બોર્ડ દ્વારા નક્કી કરેલી બ્લુ પ્રિન્ટ પ્રમાણે પુછાયો ન હતો. પ્રકરણ માટે બોર્ડ દ્વારા નક્કી કરેલા ગુણભારનું પ્રમાણ પણ જળવાયું ન હોઈ વિદ્યાર્થીઓ પરીક્ષામાં અટવાયા હતા. જેના પગલે બોર્ડના સભ્યો ડો. પ્રિયવદન કોરાટ અને ડો. નિદત બારોટે બોર્ડના ચેરમેનને પત્ર લખી ધોરણ-૧૦ની ગણીતની પરીક્ષા રદ કરવા માંગણી કરી છે. .

તેમણે બોર્ડના ચેરમેનને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, ધોરણ-૧૦માં ગણીતના પેપરમાં પેપર સેટરની પ્રથમ દર્શિય ભુલ હોય તેવું સ્પષ્ટ જણાય છે. વિદ્યાર્થીઓ બોર્ડની બ્લુ પ્રિન્ટના આધારે સમગ્ર વર્ષ તૈયારી કરતા હોય છે અને તે પ્રમાણે જ પ્રશ્નપત્ર પુછાય તે પણ અપેક્ષિત હોય છે. પરંતુ પેપરમાં બ્લુ પ્રિન્ટના કોઈ જ ધારાધોરણ જળવાયા નથી. પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવે ત્યારે મુખ્ય સિધ્ધાંત એ હોય છે કે, પ્રશ્નનો ક્રમ સરળથી કઠીન તરફ હોય. જેથી શરૂઆતમાં વિદ્યાર્થીઓ સરળ પ્રશ્નોના જવાબ લખે તો તેમનામાં આત્મવિશ્વાસ વધે. જોકે, આ પેપરમાં પાર્ટ-એમાં જ અઘરા પ્રશ્નો પુછવામાં આવતા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ડગી ગયો હતો. પેપરમાં બ્લુ પ્રિન્ટની અવગણના થઈ છે અને પ્રકરણ પ્રમાણે પ્રશ્નોનો ગુણભાર પણ જળવાયો નથી.

તેમણે પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે આ વર્ષ ખુબ જ મહત્વનું હોય છે ત્યારે બોર્ડે ભૂલને ગંભીરતાથી લેવી જોઈએ. તાત્કાલીક અસરથી વિષય નિષ્ણાંતોનો અભિપ્રાય લઈ હાલમાં લેવામાં આવેલી ગણીતની પરીક્ષા જરૂર પડે રદ કરી ફરીથી લેવામાં આવવી જોઈએ. ગ્રેસિંગ માર્ક આપી દેવાથી વિદ્યાર્થીઓને ન્યાય આપી શકાશે નહીં. જેથી બોર્ડ દ્વારા ફરીથી પરીક્ષા ગોઠવવા માટે વ્યવસ્થા કરવાની થાય તો તે કરવી જોઈએ..

બોર્ડના અન્ય સભ્ય એસ. કે. પંચોલી અને ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા પણ ગણીતના પેપરના મુદ્દે બોર્ડને પત્ર લખી રજૂઆત કરી છે. જેમાં તજજ્ઞો પાસે અભિપ્રાય લઈ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે જોવા તાકીદ કરી છે. ઉપરાંત પેપર સેટર કોઈ ખાનગી પ્રકાશન કે ટ્યુશન ક્લાસિસ સાથે જોડાયેલા હતા કે કેમ તેની ચકાસણી કરવા માટે પણ પત્રમાં જણાવ્યું છે. જો, ખાનગી સ્કૂલ કે સંચાલક સાથે જોડાયેલા હોય તો તેની સામે કાર્યવાહી કરવા માટે પણ પત્રમાં જણાવાયું છે.

### ૨૮થી ૩૧ માર્ચ દરમિયાન કૈલાસ ગુરુકુળ, મહુવા અને ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે

# હનુમંત સંગીત મહોત્સવ અને અસ્મિતા પર્વ

ગાંધીનગર, તા. ૨૨
કૈલાસ ગુરુકુળ, મહુવા અને ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે ૪૧મા હનુમંત સંગીત મહોત્સવ અને ૨૧મા અસ્મિતા પર્વનું આયોજન ૨૮ માર્ચથી ૩૧ માર્ચ દરમિયાન કરવામાં આવ્યું છે.

તા. ૨૮ માર્ચ ને બુધવારના રોજ સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન કવિકર્મપ્રતિષ્ઠા અને કાવ્યપાઠ પ્રસ્તુત કરવામાં આવશે. ખલીલ ધનતેજવીની કવિતા વિશે મુકુલ ચોક્સી, કમલ વોરાની કવિતા વિશે રાજેશ પંડ્યા વક્તવ્ય આપશે. ખલીલ ધનતેજવી અને કમલ વોરા દ્વારા કાવ્યપાઠ કરવામાં આવશે. સંગોષ્ઠિનું સંયોજન મણિલાલ પટેલ દ્વારા કરવામાં આવશે.

બીજી સંગોષ્ઠિ લઘુકથા વિમર્શ વિષયે સાંજે ૩.૩૦થી ૬.૦૦ દરમિયાન યોજાશે, જેમાં નીતિન વડગામા અને મણિલાલ પટેલ પોતાનું વક્તવ્ય આપશે. ભગીરથ બ્રહ્મભટ્ટ, નીલમ દોશી, પ્રેમજી પટેલ, રેખાબા સરવૈયા, હરીશ મહુવાકર, અરવિંદ ગજ્જર, રામ મોરી લઘુકથાપાઠ કરશે. સંગોષ્ઠિનું સંયોજન નટવર આહલપરા દ્વારા કરવામાં આવશે.

રાત્રિ કાર્યક્રમ ૮થી ૧૦.૩૦ દરમિયાન યોજાશે, જે અંતર્ગત શાસ્ત્રીય નૃત્ય (કથક) પ્રસ્તુત થશે. પ્રસ્તુત કરશે રૂપાંશી કશ્યપ અને રોહિત પરમાર (કદમ્બ, અમદાવાદ) અને વિશાલકૃષ્ણ (બનારસ). આ પ્રસ્તુતિ રામવાડી, તલગાજરડા ખાતે કરાશે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૧૮ ને ગુરુવારના રોજ ત્રીજી સંગોષ્ઠિ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ દરમિયાન જૂની રંગભૂમિના કલાધર વિષયે યોજાશે. રઘુનાથ બ્રહ્મભટ્ટ અંગે રાજ બ્રહ્મભટ્ટ, પ્રભુલાલ દ્વિવેદી વિષે ઉત્કર્ષ મઝુમદાર, પરમાણંદ ત્રાપજકર અંગે ભરત યાજ્ઞિક વક્તવ્ય આપશે. આ બેઠકનું સંયોજન દેવકી દવે કરશે.

ચોથી સંગોષ્ઠિ સાંજે ૩.૩૦થી ૬.૦૦ દરમિયાન આરોપનામું વિષયે યોજાશે. આરોપી તરીકે કાજલ ઓઝા-વૈદ્ય અને જય વસાવડા ઉપસ્થિત રહેશે. જેમને સુભાષ ભટ્ટ, નિમિત્ત ઓઝા, લિપિ ઓઝા, દેવકી દવે પ્રશ્નો કરશે. વિનોદ જોશીની આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ રહેશે. સંગોષ્ઠિનું સંયોજન દેવકી દવે દ્વારા કરવામાં આવશે.

રાત્રિ કાર્યક્રમ ૮.૩૦થી ૧૦.૩૦ દરમિયાન ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે યોજાશે, જે અંતર્ગત શાસ્ત્રીય વાદ્યસંગીત (વાયોલીન) પ્રસ્તુત કરવામાં આવશે. પ્રસ્તુતિ એન રાજમ, સંગીતા શંકર અને નંદિતા શંકર દ્વારા કરવામાં આવશે. તબલાસંગત અજિત પાઠક દ્વારા આપવામાં આવશે.


પાંચમી સંગોષ્ઠિ ૩૦ માર્ચ ને શુક્રવારના રોજ ઉપેક્ષિતોનો અવાજ વિષયે સવારે ૯થી ૧૨ દરમિયાન યોજાશે. કિન્નર સમાજ વિષયે લક્ષ્મીનારાયણ ત્રિપાઠી, વિચરતો સમાજ વિષયે મિત્તલ પટેલ અને આદિવાસી સમાજ વિષયે સુજાતા શાહ વક્તવ્ય આપશે. સંગોષ્ઠિનું સંયોજન ગૌરાંગ જાની દ્વારા કરવામાં આવશે. સાંજે ૩.૩૦થી ૬.૦૦ દરમિયાન કાવ્યાયન વિષયે યોજાશે. કવિ જિતેન્દ્ર પ્રજાપતિ, પ્રજ્ઞા વશી, હાર્દિક વ્યાસ, દિનેશ ડોંગરે, રમેશ પટેલ 'ક્ષ', કનૈયાલાલ ભટ્ટ, ફિરદૌસ દેખૈયા દ્વારા કાવ્યની પ્રસ્તુતિ કરવામાં આવશે. સંયોજન ફિરદૌસ દેખૈયા દ્વારા કરવામાં આવશે.

રાત્રિ કાર્યક્રમ ૮.૩૦થી ૧૦.૩૦ દરમિયાન ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે યોજાશે, જેમાં શાસ્ત્રીય કંઠ્યસંગીતની પ્રસ્તુતિ પં. છન્નુલાલ મિશ્ર દ્વારા કરવામાં આવશે. તબલાંસંગત પં. રામકુમાર મિશ્ર આપશે. શ્રી હનુમાન જયંતી : એવોર્ડ સમારોહ તા. ૩૧ માર્ચ ને શનિવારના રોજ ચિત્રકૂટધામ ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજાશે. કૈલાસ લલિતકલા એવોર્ડ હિંમત શાહને શિલ્પકલાક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં, અવિનાશ વ્યાસ એવોર્ડ નયનેશ જાનીને સુગમ સંગીત, સંગીતકાવ્ય ક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં અર્પણ કરવામાં આવશે. નટરાજ એવોર્ડ અભિનયક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં લીલાબહેન (લીલી) પટેલને ગુજરાતી લોકનાટ્ય (ભવાઈ) માટે, દીપક ઘીવાળાને ગુજરાતી રંગભૂમિ (નાટક) માટે, અરવિંદ ત્રિવેદીને ભારતીય ટેલીવિઝન શ્રેણી (હિન્દી) માટે અને હિન્દી ફિલ્મ નિર્ણયાધીનને અર્પણ કરવામાં આવશે.

શ્રી હનુમંત એવોર્ડ ભારતીય શાસ્ત્રીય સંગીતની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં અર્પણ કરવામાં આવશે. શાસ્ત્રીય તાલવાદ્ય સંગીત (તબલાં) માટે પં. રામકુમાર મિશ્રને, શાસ્ત્રીય વાદ્ય સંગીત (વાયોલીન) માટે એન. રાજમને, શાસ્ત્રીય નૃત્ય (કથક) માટે કુમુદિની લાખિયાને અને શાસ્ત્રીય કંઠ્યસંગીત માટે પં. છન્નુલાલ મિશ્રને આ એવોર્ડ આપવામાં આવશે.

મોરારિબાપુ પ્રાસંગિક અભિવ્યક્તિ કરશે અને સાહિત્યકારોના નિર્મિશ ઠાકરે તૈયાર કરેલાં ઠઠ્ઠાચિત્રોનું પ્રદર્શન પણ આ પ્રસંગે યોજવામાં આવશે. સમગ્ર પર્વનું 'આસ્થા' ટીવી ચેનલ અને વેબસાઈટ www.moraribapu.orgના માધ્યમથી ૧૭૦ દેશમાં જીવંત પ્રસારણ થશે.

# જીવનની ખુશીઓનાં સર્વેક્ષણમાં ભારત પાછળ !



યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં હેપ્પીનેસ લેવલનો એક સર્વે કરવામાં આવ્યો જે મુજબ ૨૦૧૮માં ૨૦૧૬ની તુલનામાં ભારતની સ્થિતિ સુધરી નથી અથવા કહીશકાય કે ખુશીઓની બાબતમાં હજી 'અચ્છે દિન'નો ઈન્તેઝાર પ્રજા કરી રહી હોય તેવું ફલિત થાયછે.

પૂરા વિશ્વને એક જ વિષયમાં એક સંગાથે જોડી રાખવાના હેતુથી વિવિધ સર્વેક્ષણ થાય છે અને વિશ્વ દિનની પણ ઉજવણી થતી હોય છે. વૈશ્વિક સ્તરે થતી મોજણીઓ (સર્વે) ગૂગલ ઉપર સર્ચ કરીને લોકો તેને જોઈ શકતા હોય છે. વિશ્વ દિન ઉજવવા એ માત્ર ઔપચારિકતા જ જો બની રહે તો ઉત્તમ કે ઉમદા ફળ કદી સમાજને મળશે નહીં. બીજું, જાગૃતિ વિનાના પ્રયાસો એ અસમર્થ યોદ્ધા જેવી ઘટના ગણી શકાય. સકારાત્મક વલણોને ઉપાડી લેવા સમયસર કાર્ય શરૂ કરી ધ્યેય સુધી તેને વળગી રહેવું એ જ કર્મ કૌશલ્ય કહેવાય છે. ખુશીઓની બાબતમાં ભારતમાં વૃદ્ધિકારક ઘટકોમાં અપેક્ષા મુજબ બન્યું નથી એમ કહી શકાય.

યુએન દ્વારા ૧૫૬ દેશોને આવરી લઈ આ સર્વેક્ષણ થયું છે, જેમાં ભારતનો ક્રમ ૨૦૧૮માં ૧૩૩મો છે, જે ૨૦૧૬ની સરખામણીએ ૧૫ અંક પાછળ છે. ખુશીઓ વધે તો રાષ્ટ્રકક્ષાએ રોગી લોકોની સંખ્યા ઘટે જ છે. જીવનમાં ખુશીઓ ખૂબ જ આવશ્યક છે, જેને માત્ર નાણાની કમાણી જોડે જ સંબંધ નથી. સુશાસન, સુંદર રહનસહન, અનુશાસન, ભાઈચારો વગેરે સાથે વધુ ગાઢ નિસબત ખુશીઓને



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

અવશ્ય હોય છે. ખુશીઓથી જ ખીલે છે વિશ્વ, નહીં કે માત્ર નાણાંકીય વ્યવહારોથી.

ખુશી માટે અંદરથી જે ભાવ જાગે તે મળવા જોઈએ. 'લેના દેના બંદ હૈ ફિર ભી આનંદ હૈ'નું સૂત્ર પાંડુરંગદાદાએ આપ્યું છે. લેવું-દેવું એ વ્યવહાર છે પરંતુ તેનાથી મૂઠ્ઠી ઊંચેરા થવું એ બાબત આનંદ પ્રદાન કરે છે. નાની નાની ચીજોની કોઈ કાળજી લે તો વ્યક્તિ તેનો ગુલામ બની જાય છે. કેમ કે એ જીવનને પ્રતિદિન ખુશીઓથી છલકાય છે. શર્ટનું બટન સ્વયં પણ ટાંકી શકાય તેમ છતાં હમસફર ખબર પડતાં જ મદદ કરીને શર્ટ પરત આપે તો દિલ આનંદિત થઈ જતું હોય છે. મૈત્રીની બાબતમાં પણ કંઈ હોઠેથી કે શબ્દોથી કહ્યા વિના જ કામ કરી નાંખે એ મિત્રતા ધન્ય હોય છે. ખુશીઓ જો નથી તો કમાયેલું કે બચાવેલું વ્યર્થ જ હોય છે. કેમ કે ખુશીઓ માણસને તણાવથી મુક્ત રાખે છે. જીવનનો બાગ ખુશીભર્યા માહોલમાં મઘમઘતો થઈ જાય છે. હૅપ્પીનેસ માટે સ્ટોર કે મોલ ના હોય, ત્યાં અણમોલ સંબંધો કે હૃદયનું બંધન હોય છે. ધર્મ, ભક્તિ, શ્રદ્ધા, કર્મ, પ્રાર્થના, દયા વગેરે તત્ત્વો જીવનની સાર્થકતાથી ભરી દે છે. અર્થાત એ માણસને તેના વજૂદનો અહેસાસ કરાવી ખુશીની ભેટ આપે છે. નિષ્ઠાથી થતાં કાર્યો માનવીને શાતાની શીતળતા પ્રદાન કરે છે. મનને પણ દૃષ્ટિ હોય છે જે સમાજ જોઈ શકતો નથી. હૃદયને પણ પોતિકી ભાષા હોય છે જે બધા વાંચી શકતા નથી. જીવનમાં ગૂડ ગવર્નન્સનો અનુભવ સારો થાય તો ખુશીઓમાં વૃદ્ધિ અચૂક થતી હોય છે. 'સબ કા સાથ, સબ કા વિકાસ'ના સૂત્રથી પણ ખુશી પ્રગટે છે. પરંતુ અમલીકરણ એ દિશાનું થાય પછી પ્રજાનું નક્કર અને કુલ સુખ વધે છે. સુખની પ્રાપ્તિ પહેલાં ખુશીઓ કદમ મૂકતી હોય છે. મિત્રના આગમનથી સુખ ઉપજે પણ સમાચાર મળે ત્યારે ખુશી મળે છે.

તમે કે હું ભૂતકાળની યાદમાં અને ભાવિની ચિંતામાં ખોવાયેલા રહીએ ત્યારે ધીમેથી જતી રહે છે. એનું નામ જિંદગી છે. તરસ લાગે તો પાણી જોઈએ, ત્યાં રૂપિયા નહીં ચાલે. એક સુંદર શેર સમજવા જેવો છે -

તુમ ઉન ખુશીઓ મેં ખુશ રહો
જો મેરે બગૈર મિલતી હૈ
મૈં હર ઉસ લમ્હેં મેં ખોયા હું
જિનમેં તુમ સાથ થે મેરે

જીવનની સુવિધાઓ, સવલતો, સાધનો માટે કમાણી કે નાણાં અવશ્ય જોઈએ પરંતુ કેટલીક વાતોમાં નાણાં કામ લાગી શકતા નથી. એ બાબતોમાં પ્રથમ ખુશીઓ જોડાયેલી હોય છે. માનવીના ગુણોનાં મૂલ્યો ના હોઈ શકે કે ક્રૂરતાના ભાવો થઈ શકે નહીં. ઈશ્વરના સ્નેહને પામવા યા સમજવા ભાવુક હૈયું પાયાની જરૂરિયાત હોય છે. જીવનમાં બધાની ખુશીઓ વિસ્તરે એ ભાવના સહ અસ્તુ.

**શેર આસ્વાદ**

જીતે જી ઈન્સાન કી પ્યાસ
કભી નહીં બુઝતી
ઈસલીએ અસ્થિયાં
નદીઓં મેં બહાઈ જાતી હૈ